♣ "નિર્મળ ગુજરાત" ♣

જુન, જુલાઈ –૨૦૦૭ દરમ્યાન રાજયમાં અતિવૃષ્ટિ/પૂરના કારણે કૃષિના ઉભા પાકો, જમીન ધોવાણ વિગેરેને થયેલ નુકસાન અંગે કૃષિ સહાય પેકેજ બાબત.

ગુજરાત સરકાર,
કૃષિ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃકઅસ–૧૦૨૦૦૭– ૧૭૨૨–ક.પ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૭–૮–૨૦૦૭.

આમુખ :

તાજેતરમાં જુન, જુલાઈ–૦૭ માસ દરમ્યાન રાજયમાં અતિવૃષ્ટિ / પૂરના કારણે કૃષિ સંપદામાં નીચે પ્રમાણે વ્યાપક પ્રમાણમાં નુકસાન થવા પામેલ છે.

(૧) ભારે અને સતત વરસાદને કારણે તલ, કઠોળ જેવા પાકોનું વાવેતર નિષ્ફળ ગયેલ છે.

(૨) ભારે વરસાદને કારણે સતત પાણી ભરાઈ રહેવાને કારણે મગફળી, કપાસ, દિવેલા, ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, ઘાસચારો, કઠોળ અને શાકભાજી જેવા પાકો કોહવાઈ જતાં વાવેતર નિષ્ફળ ગયેલ છે.

(૩) નદી નાળામાં ભારે પૂર આવવાને કારણે જમીનનું ધોવાણ થતાં મકાઈ, બાજરી, જુવાર છીછરા મૂળવાળા તેમજ બાગાયતી પાકોનું વાવેતર નિષ્ફળ જવા પામેલ છે.

(૪) ભારે પૂરને કારણે નદી નાળાનો કાંપ/રેતી વાવેતર પર પથરાઈ જવાથી પણ વાવેતર નિષ્ફળ જવા પામેલ છે.

(૫) ખેતરોમાં પાણી ભરાઈ જતાં થયેલ જમીનોનું ધોવાણ તથા કેટલાક કિસ્સાઓમાં નદી, નાળાના વહેણ બદલાવવાના કારણે પણ મોટા પ્રમાણમાં જમીનનું ધોવાણ થયેલ છે.

(૬) વધુમાં પહાડી વિસ્તારની ખેતી લાયક જમીનમાં પથ્થર / રેતી / કાંકરા / કચરો ધસડાઈ આવવાથી નુકસાન થવા પામેલ છે..

આમ, રાજયમાં અતિવૃષ્ટિના કારણે ઉપર પ્રમાણેના થયેલ નુકસાન અંગે ખેડૂતોને આર્થિક સહાય મળી રહે તે માટે સરકાર ધ્વારા કૃષિ સહાય પેકેજ જાહેર કરવાની બાબત વિચારણામાં હતી.

ઠરાવ :

સરકારશ્રીએ સર્વેક્ષણ કરીને મેળવેલ નુકશાનીના અંદાજોના સંદર્ભમાં પુખ્ત વિચારણા કરીને ખેડૂતો માટેનું નીચે મુજબનું ત્રણ વિભાગોમાં કૃષિ સહાય પેકેજ જાહેર કરવાનું ઠરાવવામાં આવે છે.

કૃષિ સહાય પેકેજ:

પેકેજ–૧. ખેડૂતોના પાકને થયેલ નુકસાન અંગે ઈનપુટ સહાય.
પેકેજ–૨ ખેતીની જમીનનું ધોવાણ કે અન્યરીતે થયેલ નુકસાન અંગેની સહાય
પેકેજ–૩. પુનઃ વાવેતર માટે બિયારણ સહાય.

## ૨. કૃષિ પેકેજ સહાયના ધોરણો નીચે મુજબ છે.

### પેકેજ–૧. <u>ખેડૂતોના પાકને થયેલ નુકશાન અંગે ઈનપુટ સહાય.</u>

***કેલેમીટી રીલીફ ફંડની યોજના હેઠળ કૃષિ અને બાગાયતી પાકોમાં જે ખેડૂતોને ૫૦ ટકા કે તેથી વધારે નુકસાન થયેલ હોય તેવા રાજયના અસરગ્રસ્ત ખેડૂતોને નીચે જણાવ્યા મુજબ ઈનપુટ સહાય મળવાપાત્ર થશે.***

| અ. નં. | ખેડૂતનો પ્રકાર | પાકની વિગત | સહાયન ધોરણ (પ્રતિ હેકટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | ***નાના અને સિમાંત ખેડૂતો*** | (૧)બિન પિયત ખેતી/ બાગાયતી પાકો | રૂ.૨૦૦૦/– **(પ્રતિ હેકટર)** | (૧) બિન પિયત ખેતી / બાગાયતી પાકો માટે સદર સહાય નુકસાનીના વિસ્તારના પ્રમાણમાં આપવાની રહેશે પરંતુ આ સહાય રૂ.૨૫૦/– થી ઓછી ન હોવી જોઈએ. |
| | | (૨)પિયત ખેતી /બાગાયતી પાકો | રૂ.૪૦૦૦/– **(પ્રતિ હેકટર)** | (૧) પિયત ખેતી / બાગાયતી પાકો માટે સદર સહાય નુકસાનીના વિસ્તારના પ્રમાણમાં આપવાની રહેશે પરંતુ આ સહાય રૂ.૨૫૦/– થી ઓછી ન હોવી જોઈએ. |
| | | (૩)બહુવર્ષાયુ પાકો. | રૂ.૬૦૦૦/– **(પ્રતિ હેકટર)** | (૧)જયારે બહુવર્ષાયુ પાકોમાં નુકસાનીના વિસ્તારના પ્રમાણમાં સહાય આપવાની રહેશે પરંતુ આ સહાય રૂ.૫૦૦/– થી ઓછી ન હોવી જોઈએ. |
| ૨. | ***નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો.*** | (૧)બિન પિયત ખેતી/બાગાયતી પાકો | રૂ.૨૦૦૦/– **(પ્રતિ હેકટર)** | (અ) સદર સહાય પ્રથમ વખત થતા નુકસાન સામે ખેડૂત દીઠ મહત્તમ એક હેકટર માટે નુકસાનીના વિસ્તારના પ્રમાણમાં ચુકવવાની રહેશે.<br>(બ) સતત બીજીવાર તે જ વિસ્તારમાં ખેડૂતને ૫૦% કરતાં વધુ નુકસાન થયેલ હોય તો ખેડૂત દીઠ મહત્તમ બે હેકટર માટે નુકસાનીના વિસ્તારના પ્રમાણમાં ચૂકવવાની રહેશે. |
| | | (૨)પિયત ખેતી /બાગાયતી પાકો | રૂ.૪૦૦૦/– **(પ્રતિ હેકટર)** | |
| | | (૩)બહુવર્ષાયુ પાકો | રૂ.૬૦૦૦/– **(પ્રતિ હેકટર)** | |
| | | **રાજય ભંડોળ હેઠળ સી.આર.એફ.ના ધોરણો મુજબ મળવાપાત્ર સહાય.** | | (ક) નાના અને સીમાંત સિવાયના અન્ય ખેડૂતોને સદર ઈનપુટ સહાય પ્રથમ વખત થતા નુકશાન સામે સીઆરએફ હેઠળ મહત્તમ એક હેકટર તથા રાજયભંડોળ હેઠળ મહત્તમ બે હેકટર મળી કુલ ૩ હેકટરની મર્યાદામાં નુકસાનીના પ્રકાર પ્રમાણે સહાય મળવાપાત્ર થશે.<br>જયારે સતત બીજીવાર તે જ વિસ્તારમાં જે ખેડૂતોને ૫૦% કરતા વધુ નુકશાન થયેલ હોય તો સીઆરએફ હેઠળ મહત્તમ ૨ હેકટર તથા રાજયભંડોળ હેઠળ મહત્તમ ૧ હેકટર મળી કુલ ૩ હેકટરની મર્યાદામાં નુકસાનીના પ્રકાર પ્રમાણે સહાય મળવાપાત્ર રહેશે. |

## કૃષિ પેકેજ– ૧ માટે સહાય આપવાની શરતો અને બોલીઓ .

૧. આ પેકેજનો લાભ જમીન ધારણ કરતા વ્યકિતગત ખાતેદારને મળવાપાત્ર રહેશે.

૨. આ પેકેજનો લાભ લેવા માંગતા ખેડૂતોએ નિયત નમુનામાં ગ્રામસેવકને અરજી કરવાની રહેશે.

૩. આ અરજીની સાથે સાધનિક કાગળો જેવા કે કબુલાત નામું અને તલાટીનો નિયત કરેલ દાખલો તથા વાવેતર થયા હોવા અંગેના ૭/૧૨ ના ઉતારાની નકલ અથવા ફકત જમીન ધારકતા બાબતનું પ્રમાણપત્ર તલાટી–કમ–મંત્રી પાસેથી મેળવી સાથે જોડવાનું રહેશે.

૪. સાધનિક કાગળો સાથેની અરજી ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી સ્વિકારશે. મળેલ અરજીઓની સ્થળ ચકાસણી ગ્રામ સેવક અને વિસ્તરણ અધિકારી /ખેતી અધિકારી / બાગાયત અધિકારી/ અન્ય અધિકારી કરશે. સહાય મળવાપાત્ર છે કે કેમ તેના અભિપ્રાય સાથેની અરજીઓ સંબંધિત મદદનીશ ખેતી નિયામક (પેટા વિભાગ)/ મદદનીશ –નાયબ બાગાયત નિયામકને મોકલી આપશે.

૫. કૃષિ સંબંધિત આવેલ અરજીઓ મદદનીશ ખેતી નિયામક (પેટા વિભાગ) નોંધણી કરવાની રહેશે અને અરજીઓની જરૂરી ચકાસણી કરી ચુકવવા પાત્ર અરજીઓની ભલામણ સાથે સંબંધિત જિલ્લા ખેતી અધિકારીને મોકલી આપવાની રહેશે.

૬. બાગાયત સંબંધિત આવેલ અરજીઓ સંબંધિત મદદનીશ / નાયબ બાગાયત નિયામક નોંધશે.

૭. જિલ્લામાં આવેલ અરજીઓની નોંધણી કરવાની રહેશે અને નિયત નમુનામાં સંબંધિત અધિકારીએ મંજુર કરી અને ચુકવણાનો હુકમ કરવાનો રહેશે.

૮. સહાયની રકમ નુકશાનની રકમ કરતાં વધી જતી હોય તેવા કિસ્સાઓમાં વધારાની રકમ જમા કરાવવાની સંબંધકર્તા લાભાર્થીઓ પાસેથી બાંહેધરી મેળવી લેવાની રહેશે.

૯. સહાયની રકમ ખાતેદાર ખેડૂતોને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાની રહેશે.

૧૦. આ યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જીલ્લા ખેતીવાડી અધિકારી / મદદનીશ–નાયબ બાગાયત નિયામકશ્રીએ કરવાનું રહેશે.

પેકેજ–૨. <u>ખેતીની જમીનનું ધોવાણ કે અન્યરીતે થયેલ નુકશાન અંગેની સહાય :</u>

આ પેકેજ હેઠળ નાના અને સિમાંત ખેડૂતોને સહાય કેલેમીટી રીલીફ ફંડ હેઠળ ચૂકવવાની રહેશે જયારે નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતોને રાજય ભંડોળમાંથી ચૂકવવાની રહેશે.

| અ. નં. | ખેડૂતનો પ્રકાર | નુકસાનીનો પ્રકાર | સહાયનુ ધોરણ (પ્રતિ હેકટર) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | નાના અને સિમાંત ખેડૂતો | (૧)ખેતીલાયક જમીનમાંથી ૩ ઈંચથી વધારે પથરાયેલ કાદવ, કાંપ/રેતી દૂર કરવા (DESILTING). | રૂા.૬૦૦૦/– (પ્રતિ હેકટર) | ક્રૂમ નં.૧ ની સહાય માટે ૩ ઈંચથી વધારે રેતી / કાંપ પથરાયા અંગે ગુ. રા. જ. વિ. નિ. ના મદદનીશ નિયામક (જ.સં.) / ખેતીવાડી અધિકારી (જ.સં.)એ પ્રમાણિત કરવાનું રહેશે. |
| | | (૨) પહાડી વિસ્તારની ખેતી લાયક જમીનમાંથી કાટમાળ/ વેરાયેલો ભંગાર (DEBRIS) દૂર કરવા. | રૂા.૬૦૦૦/– (પ્રતિ હેકટર) | – |
| | | (૩) ડુંગરની ભેખડો ધસી પડવાથી (LANDSLIDE), હીમપ્રપાત (AVALANCHE),નદીઓનાં વહેણ બદલાવાથી (CHANGE OF COURSE OF RIVERS) જમીનને મોટા પ્રમાણમાં થયેલ નુકસાન. | રૂા.૧૫૦૦૦/– (પ્રતિ હેકટર) | ક્રૂમ નં.૩ ની સહાય એવા નાના અને સિમાંત ખેડૂતો કે જેમનું નુકસાન રેવન્યુ રેકર્ડ પ્રમાણે પ્રસ્થાપિત થતું હોય તેવા ખેડૂતોને મળવાપાત્ર થશે. |
| ૨. | નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો | (૧)ખેતીલાયક જમીનમાંથી ૩ ઈંચથી વધારે પથરાયેલ કાદવ, કાંપ/રેતી દૂર કરવા (DESILTING). | રૂા.૫૦૦૦/– (પ્રતિ હેકટર) પરંતુ વધુમાં વધુ ૩ હેકટરની મર્યાદામાં. | ક્રૂમ નં.૧ ની સહાય માટે ૩ ઈંચથી વધારે રેતી / કાંપ પથરાયા અંગે ગુ. રા. જ. વિ. નિ. ના મદદનીશ નિયામક (જ.સં.)/ ખેતીવાડી અધિકારી (જ.સં.) એ પ્રમાણિત કરવાનું રહેશે. |
| | | (૨) પહાડી વિસ્તારની ખેતી લાયક જમીનમાંથી કાટમાળ/વેરાયેલો ભંગાર (DEBRIS) દૂર કરવા. | રૂા.૫૦૦૦/– (પ્રતિ હેકટર) પરંતુ વધુમાં વધુ ૩ હેકટરની મર્યાદામાં. | – |
| | | (૩) ડુંગરની ભેખડો ધસી પડવાથી (IANDSLIDE), હીમપ્રપાત (AVALANCHE),નદીઓનાં વહેણ બદલાવાથી (CHANGE OF COURSE OF RIVERS) જમીનને મોટા પ્રમાણમાં થયેલ નુકસાન. | રૂા.૫૦૦૦/– (પ્રતિ હેકટર) પરંતુ વધુમાં વધુ ૩ હેકટરની મર્યાદામાં. | ક્રૂમ નં.૩ ની સહાય એવા નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતો કે જેમનું નુકસાન રેવન્યુ રેકર્ડ પ્રસ્થાપિત થતુ હોય તેવા ખેડૂતોને મળવાપાત્ર થશે. |

પેકેજ–ર માટેની શરતો અને બોલીઓ :–

૧. પેકેજ–રની અરજીઓ ખેતી મદદનીશ (જ.સં.) સ્વિકારશે અને સંબંધિત ખેતી નિરીક્ષક નોંધશે. મળેલ સહાય અંગેની અરજીઓ પરત્વે નુકશાનની મોજણીની કામગીરી ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ ધ્વારા કરવાની રહેશે.
ર. મોજણી અંગેની કાર્યપધ્ધતિ જમીન વિકાસ નિગમ નકકી કરે તે મુજબની રહેશે.
૩. ગુજરાત રાજય જમીન વિકાસ નિગમના કર્મચારી / અધિકારી જે તે અસરગ્રસ્ત ગામે જઈ જમીનોને થયેલ નુકશાનનો અંદાજ મેળવી તેમાં સરપંચ /પંચો સાથે રાખી જે તે જીલ્લાના જમીન વિકાસ નિગમના મદદનીશ નિયામક (જ.સં.) એ જરૂરી દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.
૪. મોજણી થયા પછી જરુરી દરખાસ્ત જિલ્લા કક્ષાની સમિતિની મંજુરી માટે રજુ કરવાની રહેશે. અને આ સમિતિનું બંધારણ નીચે મુજબ રહેશે.
   ૧) જીલ્લા કલેકટરશ્રી– અધ્યક્ષશ્રી
   ર) જિલ્લા વિકાસ અધિકારીશ્રી– સભ્યશ્રી
   ૩) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી–સભ્યશ્રી
   ૪) નાયબ નિયામકશ્રી(જ.સં.) સભ્ય સચિવશ્રી
પ. આ પેકેજ હેઠળ મળેલ અરજીઓની ચકાસણી/મોજણી જીએલડીસી કચેરી ધ્વારા થયા બાદ જિલ્લા કક્ષાની સમિતિને રજુ કરવાની કામગીરી સંબંધીત નાયબ નિયામકશ્રી(જ.સં.)એ કરવાની રહેશે.
૬. જિલ્લા કક્ષાની સમિતિની મંજુરી મળ્યા બાદ જરુરી સ્થળ ચકાસણી નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ)એ કરવાની રહેશે અને ચુકવણાની કામગીરી સંબંધીત જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ કરવાની રહેશે.
૭. સહાયની રકમ ખાતેદાર ખેડૂતોને એકાઉન્ટ પેઈ ચેકથી કરવાની રહેશે.

૪. પેકેજ–૧ થી ર ની સામાન્ય શરતોઃ–

૧. ઉપરોકત પેકેજોનો લાભ વર્ષાઋતુ ૨૦૦૭ ના જુન/જુલાઈ માસમાં ભારે વરસાદ / પૂરને કારણે થયેલ નુકસાન સંદર્ભે સંબંધિત જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ કમિટિ ધ્વારા હવે પછી અસરગ્રસ્ત જાહેર કરવામાં આવે તે જીલ્લા, તાલુકા અને ગામોના ખેડૂત લાભાર્થીઓને મળવાપાત્ર રહેશે.
ર. આ પેકેજ હેઠળ સહાય મેળવવા માગતા લાભાર્થીઓએ પેકેજ મુજબ નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. આ અરજી માટેના નિયત નમૂના ખેતી નિયામકશ્રી / બાગાયત નિયામકશ્રી / વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમના નિયંત્રણ હેઠળની જીલ્લા કચેરી / તાલુકા કચેરીઓ તરફથી ઉપલબ્ધ કરાવવાના રહેશે.
૩. સહાય માટેની અરજી આ ઠરાવ થયાની તારીખથી ત્રીસ દિવસ સુધી સ્વિકારવામાં આવશે. સમયમર્યાદામાં ન મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.
૪. જે તે લાભાર્થીની સહાય માટેની અરજી સ્વીકાર્યા બાદ તેની ચકાસણી, જરૂરી પૂર્તતા વગેરે કાર્યવાહી એક માસમાં પૂર્ણ કરી લાભાર્થીને સહાયની ચૂકવણી જીલ્લા ખેતીવાડી અધિકારીએ તુર્તજ કરવાની રહેશે.
પ. આ પેકેજ અંગે ખેતી નિયામક/ બાગાયત નિયામક/મેનેજીંગ ડીરેકટરશ્રી , ગુ. રા. જ. વિ. નિ. લી. ધ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.
૬. ખેડૂત ખાતેદારોને એકાઉન્ટ પેઈ ચેકથી સહાય ચૂકવવાની જોગવાઈ હોઈ ઝીરો બેલેન્સથી ખાતુ ખોલવાની કાર્યવાહી સંબંધિત બેન્કોએ કરવાની રહેશે.

૭. સહાય મેળવવા / મંજુર કરવા માટેના જરૂરી સાધનિક પત્રકોના નિયત નમુના તથા સામાન્ય સુચનાઓ સંબંધિત ખેતી નિયામક/ બાગાયત નિયામક / મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ. રા. જ. વિ. નિ. લી. નકકી કરશે અને નિયત નમૂનાઓ લાભાર્થીઓને પૂરા પાડવાના રહેશે.

૮. આ તમામ પેકેજો માટે મળતી અરજીઓ તથા તેને આનુસાંગિક તમામ વિગતો અંગેની ડેટા એન્ટ્રી કૃષિ મહોત્સવની પેટર્ન પ્રમાણે દરરોજ સાંજે ૫.૦૦ કલાકે નિયત સોફટવેર / ફોર્મેટમાં કરવાની જવાબદારી જે તે ચૂકવણા અધિકારીની રહેશે.

૯. આ અંગેનું સોફટવેર / મોનીટરીંગ સીસ્ટમ તૈયાર કરી તેનું સંચાલન કરવાની જવાબદારી કૃષિ અને સહકાર વિભાગના સીસ્ટમ એનાલીસ્ટ અને મોનીટરીંગ સેલની રહેશે. તેમને આ કામગીરી એનઆઈસીના પરામર્શમાં કરવાની રહેશે અને તે અંગેનો અહેવાલ દરરોજ મોકલવાનો રહેશે.

૧૦. આ અંગે જીલ્લાવાર / કચેરીવાર ગ્રાન્ટની ફાળવણી કરતા હુકમો જે તે ખાતાના વડાની કચેરીએ તુર્તજ બહાર પાડવાના રહેશે જેની નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

૧૧. આ યોજના હેઠળ જરુરી ગ્રાન્ટની ફાળવણી તથા રકમ ઉગવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે.

## પેકેજ:૩ પુનઃ વાવેતર માટે બિયારણ સહાયઃ

આ યોજના હેઠળનું ખર્ચ કેલીમીટી રીલીફ ફંડની જોગવાઈઓ હેઠળ સમાવિષ્ટ થતુ ન હોઈ તે અંગેનું ખર્ચ રાજય ભંડોળ હેઠળથી મેળવવાનું રહેશે.

| અ.નં. | ખેડૂતનો પ્રકાર | પુનઃ વાવેતર માટેના પાકની વિગત | સહાયનું ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | નાના અને સિમાન્ત ખેડૂતો | ૧. હાઈબ્રીડ કપાસ, મગફળી અને બી. ટી. કપાસ | બિયારણની વેચાણ કિંમતના ૭૫% પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રુ.૧૦૦૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે. | હોલ્ડીંગની મર્યાદામાં |
| | | ૨.અન્ય પાકો | બિયારણની વેચાણ કિંમતના ૭૫% પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રુ.૭૫૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે. | હોલ્ડીંગની મર્યાદામાં |
| ૨. | નાના અને સિમાન્ત ખેડૂતો સિવાયના અન્ય ખેડૂતો | ૧. હાઈબ્રીડ કપાસ, મગફળી અને બી. ટી. કપાસ | બિયારણની વેચાણ કિંમતના ૫૦% પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રુ.૧૦૦૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે. | વધુમાં વધુ ૩ હેકટરની મર્યાદામાં |
| | | ૨.અન્ય પાકો | બિયારણની વેચાણ કિંમતના ૫૦% પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રુ.૭૫૦ બિયારણની ખરીદીમાં સહાય તરીકે. | વધુમાં વધુ ૩ હેકટરની મર્યાદામાં |

## પેકેજ–૩ની શરતો અને બોલીઓ :–

૧. ઉપરોકત પેકેજોનો લાભ વર્ષાઋતુ ૨૦૦૭ ના જુન/જુલાઈ માસમાં ભારે વરસાદ / પૂરને કારણે થયેલ નુકસાન સંદર્ભે સંબંધિત જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ કમિટિ ધ્વારા હવે પછી અસરગ્રસ્ત જાહેર કરવામાં આવે તે જીલ્લા, તાલુકા અને ગામોના ખેડૂત લાભાર્થીઓને મળવાપાત્ર રહેશે.

૨. આ યોજનાનો લાભ ખરીફ.૨૦૦૭ ની ૠતુ માટે જે ખેડૂતોએ વાવેતર કરેલ હોય અને ભારે વરસાદ/પૂરને કારણે ૫૦% કરતાં વધુ વાવેતર નિષ્ફળ ગયેલ હોય તેવા ખેડૂતોને લાભ મળવાપાત્ર રહેશે.

૩. આ યોજનાનો અમલ ગુજરાત રાજય બીજનિગમ લિ., ગાંધીનગર મારફતે કરવાનો રહે છે. જે ખેડૂતો ખરીફ – ૨૦૦૭ની ઋતુ માટે બીજ નિગમ, ગુજકોમાસોલ, તથા કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી ખરીદી કરશે તેવા ખેડૂતોને જ લાભ મળવાપાત્ર થશે.

૪. ખરીફ.૨૦૦૭ ની ઋતુ માટે પુનઃ વાવેતર કરવા સારું બિયારણ ની ખરીદી તા.૧૫/૦૮/ ૨૦૦૭ સુધી કરેલી હશે તો જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૫. આ યોજના હેઠળ નાના અને સિમાંત ખેડૂતોને તેમના હોલ્ડીંગની મર્યાદામાં બિયારણની વેચાણ કિંમતના ૭૫ ટકા પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રૂા. ૧,૦૦૦/– ની મર્યાદામાં મગફળી, હા.કપાસ, બી.ટી.કપાસ પાકોમાં, જયારે આ સિવાયના અન્ય પાકોમાં બિયારણની વેચાણ કિંમતના ૭૫% પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રુા.૭૫૦/– ની મર્યાદામાં બિયારણની ખરીદીમાં સહાય તરીકે મળવાપાત્ર રહેશે.

જયારે નાના અને સિમાન્ત સિવાયના અન્ય ખેડૂતોને બિયારણની વેચાણ કિંમતના ૫૦ ટકા લેખે પરંતુ હેકટર દીઠ વધુમાં વધુ રૂા.૧,૦૦૦/–ની મર્યાદામાં મગફળી, હા.કપાસ, બી.ટી.કપાસ પાકોમાં, જયારે તે સિવાયના અન્ય પાકોમાં બિયારણની વેચાણ કિંમતના ૫૦% લેખે પરંતુ વધુમાં વધુ હેકટર દીઠ રૂા.૭૫૦/– ની મર્યાદામાં ૩ હેકટર સુધી બિયારણની ખરીદીમાં સહાય તરીકે મળવાપાત્ર રહેશે.

૬. આ યોજના હેઠળ ક્રમાંક ૨ માં જણાવેલ સંસ્થાઓ પાસે હાલમાં ઉપલબ્ધ પ્રમાણિત/લેબલ બિયારણના જથ્થામાંથી ખરીદ કરેલ જથ્થા ઉપર જ અનુક્રમ નં. ૪ ની મર્યાદામાં બીજ નિગમના વેચાણ ભાવ મુજબ જ સહાય મળવાપાત્ર રહેશે.

૭. આ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોએ તલાટી પાસેથી પોતે નાનો , સિમાંત કે મોટો ખેડૂત છે તેનો દાખલો તથા પોતાનો વાવેલ પાક ૫૦% કરતાં વધુ નિષ્ફળ ગયો છે તેનો દાખલો ગ્રામ સેવક પાસેથી મેળવીને રજૂ કરવાનો રહેશે.

૮. લાભાર્થી ખેડૂત આવા પ્રકારના દાખલા બીજ નિગમના વેચાણ કેન્દ્રો/ડેપો અથવા નિગમના અધિકૃત વિક્રેતા અથવા ઉપર ક્રમાંક : ૨ માં જણાવેલ સંસ્થાઓ ને રજૂ કરીને તેમની પાસેથી બિયારણ મેળવી શકશે.

૯. બિયારણ વિતરણ અંગેની નોંધ જે તે લાભાર્થી ખેડૂતની ખેડૂત ખાતાવહી/ખેડૂતપોથીમાંથી સિકકો લગાવીને નોંધવાની રહેશે.

૧૦. ઉપર ક્રમાંક : ૨ માં જણાવેલ સંસ્થાઓ / વિતરકોએ આ યોજના હેઠળ વિતરણ કરેલ બિયારણ અંગે થયેલ ખર્ચની વિગતો ખેતી નિયામકશ્રીને સહાયના રીએમ્બર્સ માટે મોકલવાની રહેશે. અને આ અંગેનુ જરૂરી રેકર્ડ ખેતી નિયામકશ્રીએ નિભાવવાનું રહેશે. વધુમાં ખેતી નિયામકશ્રીએ ઉપર જણાવેલ સંસ્થાઓને સહાયની રકમ બીજ નિગમને હવાલે મુકવાની રહેશે. અને બીજ નિગમે સંબંધિત સંસ્થાઓને સહાયની રકમ ખેતી નિયામકશ્રીના આદેશ મુજબ રીએમ્બર્સ કરી આપવાની રહેશે.

## ૫. પેકેજ–૧ થી ૩ માટેની સામાન્ય શરતો :

૧. પેકેજવાર ખર્ચના હિસાબો અલગ અલગ રાખવાના રહેશે.

૨. જે પેકેજો અંગે સહાયનો ખર્ચ કેલીમીટી રીલીફ ફંડની જોગવાઈઓ / ધોરણો અનુસાર કરવાનો રહે છે ત્યાં તેના હિસાબો તે અંગેના નિયમો હેઠળ અલગ રાખવાના રહેશે જે અંગેના પત્રકો અલગથી નિભાવવાના રહેશે.

૩. જે પેકેજો અંગે સહાયનું ખર્ચ રાજય ભંડોળ હેઠળ ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે ત્યાં તે અંગેના ખર્ચના હિસાબો / પત્રકો અલગથી રાખવાના રહેશે.

૪. આ અંગેનું ખર્ચ જે કેલીમીટી રીલીફ ફંડની જોગવાઈઓ હેઠળ પાડવાનું છે તે અંગેનું ખર્ચ તે અંગેના બજેટ સદરે ઉધારવાનું અને કરવામાં આવેલ જોગવાઈઓમાંથી મેળવવાનું રહેશે. જયારે સીઆરએફ માં સમાવિષ્ટ ન હોય તે પેકેજ અંગેનો ખર્ચ રાજય ભંડોળ હેઠળના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળની જોગવાઈઓમાંથી મેળવવાનો રહેશે.

૫. સદર યોજના માટે અસરગ્રસ્ત ગામો જાહેર કરવા તથા અમલીકરણની વખતો વખતની સમીક્ષા કરવા માટે જીલ્લા કક્ષાની નીચે મુજબની કમિટિ રહેશે. અને આ કમિટિએ મોડામાં મોડા ઠરાવ ઈસ્યુ થયાની તારીખથી દિન–૭ માં કૃષિ સહાય પેકેજ માટે અસરગ્રસ્ત ગામો જાહેર કરી દેવાના રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | જીલ્લા કલેકટરશ્રી, | અધ્યક્ષશ્રી |
| (૨) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૩) | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યસચિવશ્રી |

સદર કમિટિએ જે વિસ્તારમાં અતિ વરસાદ / પૂર આવેલ હોય તેવા વિસ્તારમાં વાવેતર કરેલ પાકો તથા ખેતીની જમીનને ધોવાણ / નુકસાન થયેલ હોય તેવા ગામોને અસરગ્રસ્ત ગામો તરીકે જાહેર કરવા નીચે જણાવ્યા મુજબના ધોરણો પૈકી કોઈપણ એક પ્રકારના સંજોગો / પરિસ્થિતિ ઉભી થઈ હોય તેવા ગામોને અસરગ્રસ્ત ગામો તરીકે જાહેર કરવાના રહેશે.

(૧) મહેસુલ વિભાગ ધ્વારા કેશ ડોલ્સ ચૂકવવામાં આવેલ હોય
(૨) મકાનો પડી ગયેલ હોય
(૩) ૭૦% કરતાં વધુ વરસાદ પડેલ હોય
(૪) ઉપરવાસથી વધારે પ્રમાણમાં પાણી છોડવામાં આવેલ હોય
(૫) સ્થળાંતર કરવામાં આવેલ હોય

૬. નાણા / મહેસુલ વિભાગે આ યોજના હેઠળ સત્વરે ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

૭. ઉપરોકત પેકેજો અંગે પેકેજવાર નીચે મુજબની નાણાકીય જોગવાઈ મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | પેકેજ | રકમ રુપિયા કરોડમાં | | |
|---|---|---|---|---|
| | | સીઆરએફ હેઠળ | રાજય ભંડોળ હેઠળ | કુલ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | પેકેજ–૧<br>નાના અને સિમાંત ખેડૂતોના પાકને થયેલ નુકશાન અંગે સહાય. | ૧૧૦.૭૪ | ૧૬.૪૧ | ૧૨૭.૪૯ |
| ૨. | પેકેજ–૨ | ૩૨.૧૨ | ૨૨.૫૦ | ૫૪.૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | ખેતીની જમીનનું ધોવાણ કે અન્યરીતે થયેલ નુકશાન અંગેની સહાય. | | | |
| ૩. | પેકેજ–૩<br>પુનઃ વાવેતર માટે બિયારણ સહાય પેકેજ. | – | ૫.૦૦ | ૫.૦૦ |
| | કુલઃ | ૧૪૨.૮૬ | ૪૪.૨૫ | ૧૮૭.૧૧ |

૬. આમ, આ અંગેનું ખર્ચ મહેસુલ વિભાગ ધ્વારા ફાળવવામાં આવેલ નાણાકીય ગ્રાન્ટની મર્યાદામાં કરવાનું રહેશે અને પેકેજવાર ખર્ચ તે સામે દર્શાવેલ મહેસુલ વિભાગના બજેટ સદરે ઉધારવાનું રહેશે.

| અ.નં. | પેકેજ | બજેટ સદર |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૧. | પેકેજ–૧ અને<br>પેકેજ–૩ | મુખ્ય સદર– ૨૨૪૫–કુદરતી આફતો અંગે રાહત<br>પેટા મુખ્ય સદર–૦૨–પૂર/ વાવાજોડુ વગેરે.<br>ગૌણ સદર–૦૬–નાના અને સિમાંત ખેડૂતોને સહાય (ડી)–કૃષિ ઉત્પાદક સામગ્રી માટે સહાયકી (કૃષિ વિષયક/ બાગાયત વિષયક અંગેરોપા ઉછેર માટે) |
| ૨. | પેકેજ–૨ | મુખ્ય સદર– ૨૨૪૫–કુદરતી આફતો અંગે રાહત<br>પેટા મુખ્ય સદર–૦૨–પૂર/ વાવાજોડુ વગેરે<br>ગૌણ સદર–૦૬–નાના અને સિમાંત ખેડૂતોને સહાય (એ) કાંપ દૂર કરવો અને (ઈ) ભેખડ ધસી પડવાના કારણે જમીનના સારા એવા ભાગને થયેલ નુકશાન. |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની અને મહેસુલ વિભાગની તારીખ–૬–૮ –૨૦૦૭ ની નોંધ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એમ. અસારી
સંયુકત સચિવ,
કૃષિ અને સહકાર વિભાગ.

<u>નકલ રવાના :–</u>
માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી / સચિવશ્રી.
માન. મંત્રીશ્રી (કૃષિ) ના અંગત સચિવશ્રી.
સર્વે માન. મંત્રીશ્રીઓ.
સર્વે માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓ.

*મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.*
*માન. મંત્રીશ્રી (કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.*
*માન. રા.ક. મંત્રીશ્રી (કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.*
*મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ.*
*અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*અગ્ર સચિવશ્રી, આયોજન, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*અગ્ર સચિવશ્રી, આર્થિક બાબતો નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*રાહત કમિશ્નરશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.*
*સચિવાલયના સર્વે વિભાગો.*
*ઉપ કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા, નવસારી, જુનાગઢ અને આણંદ.*
*કૃષિ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રીઓ / નાયબ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.*
*ખેતી નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર.*
*બાગાયત નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર.*
*વહીવટી સંચાલકશ્રી, ગુ. રા. જ. વિ. નિગમ લી., ગાંધીનગર.*
*વહીવટી સંચાલશ્રી, ગુ. રા. બી. નિગમ લી., ગાંધીનગર.*
*વહીવટી સંચાલકશ્રી, ગુ. ખે. ઉ. નિ. લિ., અમદાવાદ.*
*વિકાસ કમિશ્નરશ્રી, ગુ. રા. ગાંધીનગર.*
*પશુપાલન નિયામકશ્રી, ગુ. રા. ગાંધીનગર.*
*સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.*
*સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.*
*સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.*
*પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.*
*નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.*
*નિયામકશ્રી, ગુ. રા. બી. પ્ર. એ. અમદાવાદ.*
*સંયુકત ખેતી નિયામકશ્રી, અમદાવાદ/ વડોદરા/ સુરત, રાજકોટ, જુનાગઢ.*
*વિભાગની સર્વે શાખાઓ.*
*મોનીટરીંગ સેલ, કૃષિ અને સહકાર વિભાગ (જરુરી કાર્યવાહી સારુ.)*
*સિલેકટ ફાઈલ.*
*ના.સે.અ. શ્રી સિલેકટ ફાઈલ.*